# વરસાદ બંધ થતા પુનઃ બફારાનું સામ્રાજય

## ગઈ કાલે મોડી સાંજે વરસાદ બંધ થયા બાદ ફરી અકળાવનારી ગરમી પડી રહી છે

ગાંધીનગર, તા.૨૫

મન ભરીને વરસાદમાં ભીંજાવાની ઈચ્છા હજુ મનમાં જ રહી ગઈ છે.ગઈ કાલે બપોરે શરૂ થયેલો વરસાદ મોડી સાંજે બંધ થઈ ગયો હતો. ભારેથી અતિ ભારે વરસાદની આગાહી મુજબનો વરસાદ ગાંધીનગરમાં ન પડતા શહેરીજનો નિરાશ થયા છે.

સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારોમાં બારે મેઘ ખાંગા થયા છે. નદીઓ ગાંડીતૂર બની છે. સિંચાઈના સ્ત્રોત એવા ઘણાં ડેમ ઓવરફલો થઈ ગયા છે. સૌરાષ્ટ્રમાં જામેલા વરસાદી વાદળો અમદાવાદ-ગાંધીનગરમાં ધોધમાર વરસાદ લાવશે તેવી આગાહીઓ કરવામાં આવી હતી. ગઈ કાલે બપોર બાદ શહેરમાં શરૂ થયેલ વરસાદનો મિજાજ જોઈ એવું લાગતું હતું કે ચાંર-પાંચ દિવસ સુધી તો મેઘરાજાની મહેર શહેર-જિલ્લામાં વરસતી રહેશે. ઘટાટોપ વાદળો આ વાતની ગવાહી પુરી રહ્યા હતા.ગઈ કાલ બપોરથી શરૂ થયેલો વરસાદ મોડી સાંજ સુધી શહેર જિલ્લામાં વરસતો રહ્યો હતો. રાત પડતાં જ જીવ જંતુઓનો ઉપદ્રવ વધ્યો હતો. રાત્રી દરમિયાન છુટો છવાયો વરસાદ પડયો હતો. જો કે સવાર પડતા જ વાદળો વિખેરાવા માંડયા હતા. બપોરે તડકો પણ નીકળ્યો હતો. વરસાદે વિરામ લેતા જ અને તડકો નીકળતા પુનઃ બફારો થવા લાગ્યો હતો. ફરીથી ધોધમાર વરસાદ વરસશે તેવી અપેક્ષા ગાંધીનગરાઓ રાખી રહ્યા છે.



ચૂંટણી જંગના મહારથીઓ - સચિવાલય ન્યૂ ક્રેડિટ સોસાયટીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણીમાં પાંચ જગ્યા માટે દસ ઉમેદવારો મેદાનમાં હતા. આજે આ ઉમેદવારો સામ-સામે ચૂંટણી લડ્યા હતા. પરંતુ તસવીરમાં તમામ ઉમેદવારો એક સાથે એક કતારમાં ઉભા હતા...

# શહેરમાં ગ-માર્ગ ભયજનક હાલતમાં

**માર્ગ આસપાસ માટી પોલાણના લીધે અકસ્માતની દહેશત**
**બગીચાને પાણી પુરુ પાડવાની પાઇપ લાઇનનું કામ : યોગ્ય રીતે માટી પુરાણ ન થતાં સર્જાયેલા પોલાણથી અકસ્માતનો ખતરો**



(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર તા ૨૫

શહેરમાં વરસાદી ઋતુની શરૂઆતથી જ મોટી મસ સમસ્યાઓ આંખ સામે ડોકીયા કરતી નજરે પડે છે.શહેરમાં વરસાદી પાણીના નિકાલ માટે દાયકાઓના અંતે પણ નક્કર વ્યવસ્થા ગોઠવવામાં આવી નથી. ત્યારે વરસાદના આગમન સાથે જ શહેરમાં માટી પોલાણના લીધે અકસ્માતની દહેશત પ્રર્વતી છે.શહેરનો ગ માર્ગ આ મામલે ભયજનક સ્થિતિમાં હોવાનું ચિત્ર ઉપસી આવ્યુ છે.ગઈકાલે પણ માર્ગની બાજુમાં પાઈપલાઈનના કામ સંદર્ભે થયેલા ખોદકામના અંતે માટીપુરાણ યોગ્ય રીતે ન થતા એક વ્યકિત અકસ્માતનો ભોગ બની હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી.વરસાદી દિવસોમાં ગ માર્ગ ભયજનક સ્થિતિમાં હોવાનું સ્પષ્ટ થયુ છે.સે-૨૪ ચોકડીથી આદીવાડા સુધીના વિસ્તારમાં પણ માર્ગની સાઈડમાં માટી પોલાણના લીધે ગમે ત્યારે અકસ્માત થાય તેવી દહેશત છે.

શહેરમાં ગ માર્ગ સમસ્યારૂપ પુરવાર થયો હોવાની બુમ ઉઠવા પામી છે.ગ માર્ગ પર ફુટપાથ પરના ગાબડા હજુ પુરાયા નથી ત્યારે શહેરના રસ્તાની બાજુમાં પણ વરસાદી

● અનુસંધાન પાન-૭ પર

## ભારે વરસાદથી સર્જાયેલી સમસ્યાઓ

- વાવોલ મહાત્મા ગાંધી રોડ ઉપર આવેલ શાંતિવન સોસાયટી એસબીઆઈ બેંક પાસે રોડ સાઈડમાં કાર ઘુસી ગઈ. પોચી જમીનમાં કાર અડધી ઘુસી જતા માલિક કાર મુકી ઘરે પહોંચ્યા.
- ઘ-૦ પાસે મોટી લકઝરી બસ કાદવમાં ખૂંપી ગઈ. મહામહેનતે બહાર કાઢી ચાલુ વરસાદમાં ડ્રાઈવર કલીનરને પરસેવો છુટયો.
- સેકટર-૧૧ રામકથા મેદાન પાસે સ્કોડા કાર ભરાઈ. બીજા દિવસે બહાર કાઢવામાં માલિકને સફળતા મળી.
- પેથાપુરમાં સિટી સર્વે ઓફિસ સામે ઓટો રીક્ષા ફસાઈ. ડ્રાઈવરનો આબાદ બચાવ. ભૂવામાં રીક્ષા ગરકાવ થઈ.
- પેથાપુરમાં નવી પાણીની ટાંકી સામે ખાડામાં જીપકાર ફસાઈ, સવારે બહાર કાઢવાની પ્રક્રિયા આરંભાઈ.
- ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કેન્ટિન પાસે ઝાડ ધરાશાઈ થયું. કાર, સ્કુટરોનો આબાદ બચાવ, કોઈ જાનહાનિ નહીં.
- ઘ-૫ સર્કલ, સે-૧૭/૨૨ બસ સ્ટેન્ડ પાસે ચેનલ વાયર ઉપર ઝાડની ડાળી આખો દિવસ ઝૂલી. વાહન ચાલકો દિવસભર જોખમમાંથી પસાર થયા.

# ગ-માર્ગની ફુટપાથ મામલે જવાબદાર એજન્સીને નોટિસ

## ફુટપાથની ટાઇલ્સ બદલવા તંત્રની સુચના

ગાંધીનગર તા ૨૫

શહેરમાં ગ માર્ગ પર અંદાજિત ૬ મહિના અગાઉ જ ફુટપાથનું કામ હાથ ધરવામાં આવ્યું હતુ.જયારે માત્ર ટુંકા સમયમાં જ ફુટપાથની ટાઉલ્સો તુટી જતા કામગીરીમાં ગુણવત્તાના નામે મીંડુ હોવાનું છતું થયું હતું. આખરે આ મામલે તંત્ર દ્વારા જવાબદાર એજન્સીને નોટીસ આપી ફુટપાથની ટાઈલ્સો બદલી નાંખવા સુચના આપી છે.

શહેરમાં વિકાસના વિવિધ કામો પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે.પરંતુ પ્રજાલક્ષી કામોમાં કામગીરીમાં ગુણવત્તા ન જળવાતી હોવાની ફરિયાદો અનેક વાર ઉઠવા પામે છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરના મેદાનોમાં વરસાદી પાણીનો ભરાવો

## મચ્છર ઉત્પતિ સ્થાનો ડામવા અનિવાર્ય : સેકટરોમાં કાદવ કિચ્ચડ અને કચરાના ઢગ નગરજનોમાં રોગચાળાની દહેશત

ગાંધીનગર તા ૨૫

શહેરમાં ભારે વરસાદ બાદ આજે ઠેર ઠેર કાદવ કિચ્ચડ વચ્ચે ગંદકી ખદબદતી જોવા મળી હતી.જયારે સેકટરોમાં કેટલાક ઠેકાણે વરસાદી પાણીના ખાબોચિયા ભરાયેલા જોવા મળ્યા હતા.વરસાદી માહોલના અંતે શહેરમાં ઠેર ઠેર કચરાના ઢગ ઉપરાંત ગંદકી અને ગારાનું પ્રભુત્વ જોવા મળ્યુ હતું. સેકટરોના શોપિંગ વિસ્તારમાં પણ કાદવ કિચ્ચડ વચ્ચે ગારો અને ગંદકી જોવા મળી હતી.શહેરના ખુલ્લા મેદાનમાં વરસાદી પાણીનો ભરાવો થતા આગામી દિવસોમાં રોગચાળો જોર પકડે તેવી સ્થિતિ છે.ગઈકાલના મુશળધાર વરસાદ બાદ સમગ્ર શહેર વરસાદી પાણીમાં ઘમરોળાયું હતું જયારે આજે વરસાદ બંધ રહેતા સેકટરોમાંથી વરસાદી પાણી ઉતરી ગયા હતા.પરંતુ ઘણાં ઠેકાણે હજુ વરસાદી પાણીનો ભરાવો હોવાથી મચ્છર ઉત્ત્પતિ સ્થાનો અસ્તિત્વમાં આવે તેવી શક્યતાઓ છે.શહેરના સેકટરોમાં આવેલા કોમન પ્લોટમાં હજુ પણ વરસાદી પાણીનો ભરોવો જોવા મળે છે. આ ઉપરાંત ખુલ્લા મેદાનમાં પણ વરસાદી પાણી સુકાયા નથી.સે -૧૧ રામકથા મેદાન સે-૬ અપના બજાર પાસે , સે-૨૬ કિસાનનગર સે-૧૭- ૨૨ ના મેદાનમાં વિસ્તાર સહિતના ખુલ્લા મેદાનમાં વરસાદી પાણી લાંબા સમય સુધી ભરાયેલુ રહે છે.શહેરમાં વરસાદના પ્રથમ ભારે રાઉન્ડ બાદ સેકટરોમાં પણ કેટલાક ઠેકાણે ઝડપથી વરસાદી પાણીનો નિકાલ થતો ન હોવાનું ધ્યાને આવ્યું છે. શહેરી વિસ્તારના ગામોમાં પણ વરસાદ બાદ અસહ્ય ગંદકી ખદબદતી જોવા મળે છે. શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : કશ્યપ નિમાવત)

# "મોર ટહુક્યો, વરસાદ વરસ્યો, હું જીવિત છું નો અહેસાસ થયો"

## પહેલો વરસાદ થતાં જ સોશ્યલ મિડીયા પર શીઘ્ર કવિઓએ ધબડાટી બોલાવી

ગાંધીનગર, તા. ૨૫

"અત્તર ને સેન્ટ પણ જ્યાં કામ ના આવે ત્યાં આખેઆખી ધરતી મહેંકી, નક્કી ચોમાસુ બેઠું છે...', "તુમ મહોબ્બત ભી મૌસમ કી તરહ નિભાતે હો, કભી જમ કે બરસતે હો, કભી એક બુંદ કો તરસાતે હો," "કલ તક જો ઉડ રહીથી મુંહ પર અબ લીપટી પડી હે પાંવ સે, 'બારીશ ક્યા હુઈ મિટ્ટી કી ભી ફિતરત બદલ ગઈ...' આવા તો કંઈક કેટલાય ચબરાંકીયા અને પંક્તિઓ અત્યારે વોટ્સએપ તેમજ ફેસબુક જેવા સોશ્યલ મિડીયાના માધ્યમો પર ચોમાસાના પાંખોવાળા મકોડાની જેમ પ્રગટ થઈ રહ્યાં છે.

ચોમાસુ અને એમાં પણ પહેલો વરસાદ, દરેક માનવીના મનને ગમતુ સંયોજન છે. સ્માર્ટ ફોનના યુગમાં ઘણા બધા જોક્સ અને જોડકણાં નવા સ્વરૂપે પુનઃ જીવિત થઈ ઉઠ્યા છે. સાથે સાથે સરળતાથી શે'ર કરી શકાતા આ માધ્યમને કારણે શીઘ્ર કવિઓ પણ બિલાડીના ટોપની જેમ ઉભરી આવ્યા છે. છેલ્લા બે દિવસથી વરસાદની સાથે સોશ્યલ મિડીયા પર આ શીઘ્ર કવિઓ મોજ કરાવી રહ્યાં છે. તો હાલો થોડીક ડુબકીઓ મારી લઈએ...

- "પછી કહુ કેટલી સરસ છે તુ,
  થઈ ચોમાસુ પહેલા વરસ તુ."
- "પહેલા વરસાદમાં નીકળ્યો હતો સાચા પ્રમની શોધમાં,
  વરસાદ વધુ હતો એટલે ભજીયાં ખાઈને પાછો આવ્યો."
- "પ્રેમિકાની જેમ વરસવાનું કહ્યું હતું,
  આ તો પત્નિની જેમ તુટી પડ્યો..!!"
- "ભીગ જાતી હે પલકે તન્હાઈ યે ડરતે હે કોઈ જાન ન લે,
  પસંદ કરતે હે ચલના બરસાત મેં,
  કહીં રોતે હુએ કોઈ પહેચાન ન લે"
- "મોર ટહુક્યો વરસાદ વરસ્યો,
  હું જીવીત છુ નો અહેસાસ થયો."
- "મારા આંગણે મેં લાગણીઓનું વાવેતર કર્યું છે,
  જો જો આ વરસાદમાં સંબંધ કેવા ખીલી ઉઠશે."
- ભગવાન જ્યારે આકાશમાં હસ્તાક્ષર કરે
  ત્યારે મેઘધનુષ રચાતુ હોય છે."
- "તમે મન મુકીને વરસી જુઓ
  માટીના છીએ, મંહેકી ઉઠીશુ."
  અને અંતમાં જ્યારે આજે વરસાદે વિરામ લીધો તો..
- "એક ઝાપટાંમાં તડકો કાઢી નખરાં ના બતાવ તું,
  મોઢું ના સંતાડ હવે, આવ તો મુશળધાર આવ તુ.."



માર્ગદર્શક મંડળ - ગુજરાત સાહિત્ય અકાદમીના માર્ગદર્શક મંડળની પ્રથમ બેઠક ગાંધીનગર ખાતે યોજાઈ હતી. શ્રીમતી ધીરૂબેન પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલ બેઠકમાં જાણીતા સાહિત્યકારો સર્વશ્રી વિનોદ ભટ્ટ, ચીનુ મોદી, ભાગ્યેશ જહા, કુમારપાળ દેસાઈ, જનક નાયક, નિતીન વડગામા, સુમન શાહ અને મોહન પરમાર, રાજેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# 'મિશન મંગલમ યોજના' અંતર્ગત કુલ ૩૦૦ મંડળોની રચના

## મહિલા સભ્યોએ સભ્યો દ્વારા ૩૫,૧૨,૪૦૦ રૂપિયાની બચત

ગાંધીનગર, તા. ૨૫

શહેર વિસ્તારનાં ગરીબ કુટુંબોની મહિલાઓને આત્મનિર્ભર બનાવવાનાં ઉદેશ સાથે શરૂ કરાયેલ 'મિશન મંગલમ યોજના' અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં કુલ ૩૦૦ મંડળઓની રચના કરવામાં આવી છે. જેમાં કુલ ૪૦૦૫ મહિલા સભ્યો જોડાયા છે. મહાનગરપાલિકા વિસ્તારમાં વર્ષ ૨૦૧૩ થી અમલી આ યોજના હેઠળ સખી મંડળો દ્વારા અત્યાર સુધીમાં રૂપીયા ૩૫,૧૨,૪૦૦ની બચત કરવામાં આવી છે. જેમાં ૩૨જેટલા

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાંથી આરોગ્યની આઠ ટીમ અમરેલી રાહત કાર્યમાં જોડાવા રવાના

ગાંધીનગર, તા. ૨૫

સૌરાષ્ટ્રમાં થયેલ અતિવૃષ્ટિને લઈ ગાંધીનગર જિલ્લાની ૮ મેડીકલ ટીમો આજે સાંજે ત્યાં જવા રવાના થઈ છે જે કાલથી ત્યાં સર્વેલન્સ અને આરોગ્યની સેવાઓ આપશે.

જિલ્લા આરોગ્ય અધિકારીની કચેરીના જણાવ્યા પ્રમાણે આરબીએસકેના ૮ આયુષ તબીબોની ટીમો આજે સાંજે અમરેલી જવા રવાના થઈ છે.

આ ટીમો ત્યાં જઈ અસરગ્રસ્ત વિસ્તારોમાં સર્વેલન્સ ઉપરાંત આરોગ્યની સેવાઓ સ્થાનિક તંત્રની મદદમાં રહી આપશે. આ ટીમો ત્યાંથી બીજી સૂચના ન મળે ત્યાં સુધી અમરેલી રોકાશે.

જિલ્લામાંથી આ ૮ ટીમો મોકલવાની સૂચના સરકાર તરફથી મળતાં જ રવાના કરી દેવાઈ છે. તંત્રના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે અન્ય ટીમો પણ તૈયાર રાખવામાં આવી છે. આ ટીમો વાહન સાથે રવાના થઈ છે.

અમરેલી આરોગ્ય અધિકારીને મળી ત્યાંથી કયા વિસ્તારમાં જવાનુ છે તે નક્કી થશે.

લવિંગ-ફુદિનાનાં સ્વાદથી સમૃધ્ધ દુનિયાનું સૌ પ્રથમ હર્બલ ધુમપાન જે આપનાં માટે ફાયદાકારક છે
Maans Nirdosh
શરદી, માથાનાં અને શરીરનાં દુખાવા માટે શ્રેષ્ઠ હર્બલ બામ અને રોલ ઓન
હૃદય માટે શ્રેષ્ઠ શેકેલી અળસી
પાન મુખવાસ
ફિલ્ટર સાથે
TOBACCO 100% FREE
વ્યાપારિક પૂછપરછ માટે સંપર્ક : માન્સ પ્રોડક્ટસ (ઇન્ડીયા), મો.: 9909698314
દરેક જાણીતા મેડીકલ સ્ટોર્સ પર તથા પાન પાર્લર પર ઉપલબ્ધ.
ગાંધીનગરના વિક્રેતાઓ : જય આયુર્વેદિક સ્ટોર્સ-સેક્ટર-૨૪, +૯૧ ૯૪૨૮૩૫૧૮૨૧ ● ગાંધીનગર આયુર્વેદિક સ્ટોર્સ - મીના બજાર - +૯૧ ૯૭૨૬૬૩૭૨૧૦ ● સંજીવની આયુર્વેદિક - કુડાસણ રોડ - +૯૧ ૯૪૨૭૨૧૮૮૨૨/૯૪૨૮૨૭૭૪૭૦ ● વેલ કેર આયુર્વેદિક એન્ડ કોસ્મેટીક - સેક્ટર-૬/ડી, +૯૧ ૯૮૭૯૩૪૮૦૪૮ ● રાજ આયુર્વેદિક એજન્સી-સેક્ટર-૨૯ - + ૯૧ ૯૪૨૬૫૭૯૮૫૧ ● અંબિકા આયુર્વેદિક એજન્સી-ઘ-૫ સર્કલ, સેક્ટર-૨૨- +૯૧ ૯૯૭૯૨૬૫૩૭૫.

૮૭ કાઉન્ટર સાથે એન્જિનિયર્સ અને બિલ્ડર્સનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ
UltraTech CEMENT The Engineer's Choice
STEEL TIGER
KAMDHENU STEEL
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
ESTD. 1983
કૈલાસ ટ્રેડર્સ (લોદ્રાવાળા)
● ગોડાઉન : ખ-૨ ચોકડી, સે.૪સી કોર્નર ●
મોબાઈલ : ૯૯૯૮૪૭૩૨૦૦, ૯૮૨૫૯ ૪૭૮૭૮, ૨૩૨ ૨૩૮૦૧

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

IndusInd Bank
લોન... લોન... લોન...
જુના ટ્રક ૨૦૦૪ પછીના મોડલના જેવા કે ટાટા, અશોક લેલેન્ડ વગેરે ઉપર લોન મેળવો તથા જુના મહિન્દ્રા કેમ્પર, પિકઅપ, આઈશર વગેરે ૨૦૦૮ પછીના મોડલ પર લોન મેળવો...
● વિમાના ૮૫%* સુધી ધિરાણ ● સૌથી ઓછો વ્યાજદર*
● ઝડપી પ્રોસેસ ● સરળ દસ્તાવેજ વિધિ
૨૦૬, ગોલ્ડમાઈન જ્વેલ, ડીમાર્ટની બાજુમાં, સેક્ટર-૨૬, ગાંધીનગર
Mo. : 7043332254 (લોન બેન્કના નિયમને આધિન*)

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com